© 2017 IJSRST | Volume 3 | Issue 1 | Print ISSN: 2395-6011 | Online ISSN: 2395-602X
Themed Section: Science and Technology

# જીવનના આદર્શનું કાવ્ય : 'રામાયણ'

પ્રા.જી.જે.દેસાઈ
આસિસ્ટન્ટ પ્રોફેસર
ડી.સી.એમ.આર્ટ્સ & કોમર્સ કૉલેજ, વીરમગામ.

વાલ્મિકી રચિત 'રામાયણ' મનુષ્યજીવનના આદર્શનું એક ઉત્તમ દ્રષ્ટાંત છે.વાલ્મિકી, 'રામાયણ' અને જીવનની આદર્શ કલ્પનાને પરસ્પરના પર્યાય ગણી શકાય.મનુષ્યે કેવી રીતે જીવન જીવવું જોઈએ ? મનુષ્યનો વ્યવહાર કેવો હોવો જોઈએ ? કુટુંબમાં વ્યક્તિનો માતા, પિતા, ભ્રાતા, પત્ની અને અન્ય સબંધીઓ તથા બીજા મનુષ્યો પ્રત્યે પણ કેવો વ્હાવહાર હોવો જોઈએ તે 'રામાયણ' કાવ્યમાં વર્ણિત છે.એક મનુષ્યનો બીજા મનુષ્ય પ્રત્યેનો વ્યવહાર સામાન્ય રીતે સદ્દભાવપૂર્ણ અને પ્રેમભાવયુક્ત હોય તે ઇષ્ટ છે કેમ કે પરસ્પરના સદ્દભાવ,પ્રેમ,પ્રામાણિકતા,વિશ્વાસ અને કરુણાથી જ જીવન સુંદર બને છે અને સતત વિકસતું રહે છે.જ્યારે ઈર્ષ્યા,કપટ,અવિશ્વાસ,અનૈતિકતા અને ધિક્કારથી જીવન અશાંતિ,અસલામતી અને દુ:ખની ગર્તામાં જ અટવાતું રહે છે.સરેરાશ મનુષ્યોનો વૈરનો પ્રત્યુત્તર વૈર જ હોય તેમ માને છે પરંતુ વૈરનો પ્રત્યુત્તર પ્રેમ કે સદ્દભાવ હોય તે જાણતા નથી અને કદાચ જાણતા હોય તો તેને જીવનમાં આત્મસાત કરી સ્વીકારતા નથી.જ્યારે કોઈ મનુષ્યમાં જીવનના આદર્શની પરિકલ્પના ચરિતાર્થ થાય ત્યારે તે આધ્યાત્મિકતાની પરમ કોટીએ પહોંચે છે.વાલ્મિકીએ રામ-સીતા દ્વારા પતિ-પત્નીનો આદર્શ,રામ-લક્ષ્મણ અને ભરત તથા શત્રુઘ્ન દ્વારા આદર્શ ભાતૃભાવ,દશરથ-રામ દ્વારા આદર્શ પુત્ર,રામ-કૌશલ્યા અને કૈકયી દ્વારા આદર્શ પુત્ર,આદર્શ રાજા,મૈત્રી,વચન નિષ્ઠતા,ભક્તની ભક્તિ અને સમર્પણની ઉદાત્તતા,પ્રજા કલ્યાણનો આદર્શ જેવી કેટલીક આદર્શીકૃત અભિવ્યક્તિ 'રામાયણ'ને સુંદરતમ કાવ્ય બનાવે છે.જીવન પ્રત્યેનો હકારાત્મક દ્રષ્ટિકોણ એ જ તો મનુષ્યજીવનનો પરમ આદર્શ છે.જ્યારે મનુષ્ય બીજાની સંવેદના, સ્થિતિ, વૈચારિકતા, જીવન અને દુ:ખનો પણ વિચાર કરે ત્યારે તેના જીવનમાં 'રામ' વસ્યા છે એમ કહી શકાય.મમ્મટે પણ કાવ્યપ્રકાશમાં રામના વ્યક્તિત્વને આદર્શ માની કહ્યું છે કે रामादिवत् वर्तव्यम न रावणादिवत् | રામ આદર્શ મનુષ્ય છે કેમ કે તેના હ્રદયમાં કરુણા છે અને બીજાઓ પ્રત્યે સન્માનની ભાવના છે.

IJSRST1841045 | Received: 01 Jan 2017 | Accepted: 20 Jan 2017 | January-February-2017 [(3)1 : 800-807]

એક મનુષ્ય જીવનમાં જન્મથી માંડી મૃત્યુ સુધીમાં કેટકેટલી ભૂમિકામાંથી પસાર થાય છે. પુત્ર-પુત્રી,ભાઈ-બહેન,પતિ-પત્ની,માતા-પિતા,શાસક-રાજા,સામાન્ય કે વિશિષ્ટ મનુષ્ય વગેરે તેના જીવનમાં આવતી જ રહે છે.જ્યારે મનુષ્ય આદર્શથી જીવવાનો નિર્ધાર કરે ત્યારે તેને જીવનની વાસ્તવિકતાને પણ પચાવવી પડે છે તે પણ કાવ્યના પાત્રોમાં જોવા મળે છે.જીવનમાં એક પત્નીવ્રત ધારણ કરવું અને વર્ષોના વર્ષો સુધી પતિની પ્રતીક્ષા કરવી,મોટાભાઈની હયાતી દરમિયાન રાજગાદીને સ્વીકારવી નહીં,પુરુષોત્તમ કે ભગવાનની સામે સમર્પણભાવ કેળવવો,શરણે આવેલનું રક્ષણ કરવું, પ્રજાના હિત કે કલ્યાણ માટે અંગત સુખનો ત્યાગ કરવો તે જીવનમાં ધારવા જેવા મોટા આદર્શો છે.જીવનમાં આદર્શને ધારણ કરવો એટલે ચોક્કસ વિચાર કે સિદ્ધાંતને વળગી રહેવું. સામાન્યપણે આદર્શ એકાંગી અને નકારાત્મક ન હોય પણ તેમાં પરોપકાર અને સૌના કલ્યાણની કામના અંતર્નિહિત હોય છે. 'રામાયણ'નો આદર્શ એવો નથી કે તેમાં કેવળ અંગત સ્વાર્થ હોય.અહીં રામ,લક્ષ્મણ,ભરત,સીતા જેવાં પાત્રો અંગત સુખ માટે નહીં પણ બીજાનાં સુખ અને કલ્યાણ માટે ત્યાગ કરતાં દેખાય છે.મનુષ્યજીવનનું અને મનુષ્યતાનું ધારક બળ આ છે.જ્યારે વ્યક્તિ જીવનમાં કોઈ આદર્શ કે વિચારને ધારણ કરીને જીવવાનો પ્રયત્ન કરે ત્યારે તે હંમેશા સુખરૂપ જ હોય એમ માની લેવાની જરૂર નથી.રામના જીવનમાં પણ અનેક કષ્ટો અને વિપત્તિઓ આવે છે.આદર્શ હંમેશા વ્યક્તિ પાસે ત્યાગની અપેક્ષા રાખે છે અને આદર્શ મોટેભાગે દુ:ખરૂપ બને છે.જે રામ,લક્ષ્મણ,સીતા અને ભરતનાં પાત્રો દ્વારા સ્પષ્ટ થયું છે.

'રામાયણ'નો આદર્શ મનુષ્યને પ્રેમ,કરુણા,સદ્દભાવ,ત્યાગ અને મનુષ્યતા તથા કર્તવ્યની વાત કહે છે.મનુષ્યનું જીવન જ એવું છે કે તે કોઈ ને કોઈ રીતે તેને આદર્શમાંથી ચલિત કરવા તત્પર હોય છે કે મનુષ્યના જીવનમાં ક્યારેક ને ક્યારેક એવી પરિસ્થિતિ નિર્માણ પામે જ છે કે તેણે આદર્શને તિલાંજલી આપવી પડે.પરંતુ જીવનમાં સ્વસુખ કરતાં પણ મહત્વનુ છે પરસુખ અને સર્વના કલ્યાણની કામના.અહીં રામનું ચરિત્ર એ પ્રકારનું છે કેમકે એ પ્રજા કલ્યાણ માટે પત્નીનો ત્યાગ કરે છે.એક રાજા તરીકે રામ લોકવાયકાને અનુમોદન આપે છે.રામ કેવળ સીતાનો પતિ જ નથી પણ તે ઉપરાંત એક રાજા પણ છે.સામાન્યત: તેણે પતિ તરીકે નહીં પણ રાજા તરીકે જ સવિશેષ વિચારવું અને વર્તવું પડે છે.રાજા તે છે જેણે અંગત સુખને ત્યજીને પ્રજાના હિતને જ પ્રાધાન્ય આપવાનું હોય છે અને રામ રાજા તરીકે જનસમૂહના કલ્યાણ માટે જ વર્તે છે. પંચતંત્રમાં વિષ્ણુશર્મા પણ નોંધે છે કે જે રાજા પ્રજાકલ્યાણમાં રત નથી તે રાજા નહિઁ પણ યમરાજ છે. यो न रक्षति वित्रस्तान्पीड्यमानान्परैः सदा | जन्तून, पार्थिवरुपेण स कृतन्तो न संशयः || એ દ્રષ્ટિએ 'રામાયણ' જેવું કાવ્ય ભારતીય પ્રજાને જીવન જીવવાનો આદર્શ પૂરો પાડે છે કે કુટુંબનું ભાવુક ચિત્ર દર્શાવે છે કે આજ્ઞાકારી પુત્રને દર્શાવે છે કે ભરત અને લક્ષ્મણના પાત્રથી આદર્શ ભાઈનું પણ દ્રષ્ટાંત આપે છે.રામ

રાજગાદીનો ત્યાગ કરીને વનગમન કરે અને લંકાવિજય પછી પણ તે રાજ્યનો અસ્વીકાર કરે એ ખરેખર અકલ્પનીય છે.કોઈપણ વ્યક્તિ સમૃદ્ધિનો અસ્વીકાર કરીને જીવી ન શકે.પરંતુ રામનું ચરિત્ર એ પ્રકારનું છે.રામનું વ્યક્તિત્વ એવા પ્રકારનું છે જે જીવનમાં સદા પ્રસન્નતાપૂર્વક રહે છે,સૌ સાથે સમભાવથી વ્યવહાર કરે છે, સૌની આજ્ઞા હસતે મોઢે સ્વીકારે છે અને અસત્ય, કપટ અને સ્વાર્થનો આધાર લેતો નથી.રામ એક મર્યાદા પુરુષોત્તમ છે અને એક મનુષ્ય તરીકે તે પોતાનું ગૌરવ બરાબર સાચવે છે.એ રામની મનુષ્યતાનું ગૌરવ કરે છે અને જીવનમાં દરેકે મનુષ્યતાનું ગૌરવ કરવું એ જ તો મહત્વનુ કર્મ છે.

‘રામાયણ’ એક આદર્શ કાવ્ય છે અને રામને ભગવાન તરીકે સ્વીકારવા કરતાં એક આદર્શમનુષ્ય તરીકે સ્વીકારવામાં વધારે વાસ્તવિકતા લાગે છે કેમ કે ભગવાન સર્વોપરી છે.તે નિરંજન અને નિરાકાર છે અને ભગવાનના જીવનમાં આપત્તિ, દ્વંદ્વ, દુઃખ, સંઘર્ષ અને અભાવ તથા અસહાયતાને સ્વીકારવી એટલે તેની સર્વોપરીતા અને સર્વવ્યાપકતાને ખંડિત કરવા સમાન છે.હકીકતમાં તો રામ પર ભગવાનનું આરોપણ કરીને તેની મનુષ્યતાને ખંડિત કરી દીધી છે.સામાન્યતઃ મનુષ્યસમાજ મનુષ્યના સબળતા-નિર્બળતાયુક્ત સ્વરૂપને ભગવાન કે ઈશ્વરના અવતારી કહીને અળપાવી દેતો હોય છે.મનુષ્યને કેવળ મનુષ્ય જ રહેવા દેવો યોગ્ય છે અને તેમાં મનુષ્યનો પણ મહિમા રહેલો છે.રામ,સીતા,લક્ષ્મણ,દશરથ,કૈકયી,મંથરા,શત્રુઘ્ન,રાવણ,વિભીષણ વગેરે પાત્રો મનુષ્યો જ છે.માણસે આ બધાપાત્રો પર જુદા જુદા પ્રકારની શ્રદ્ધાભાવનું આરોપણ કરીને તેને ભગવાનસદૃશ બનાવી દીધાં છે.આમ તો, ભગવાન જ પૂજ્ય નથી; માણસ પણ પૂજનીય છે.એ રીતે એક મર્યાદા પુરુષોત્તમ, એકપત્ની વ્રતધારી, સંયમી, નિરહંકારી, આદર્શી વ્યક્તિત્વ,આજ્ઞાકારી પુત્ર તરીકે રામ પૂજનીય છે.તે ભગવાન હોવાથી જ પૂજનીય નથી પણ આદર્શ મનુષ્ય તરીકે તે પૂજનના અધિકારી છે પરંતુ માનવજાતે રામ પર શ્રદ્ધાના પુષ્પો એટલા ચડાવ્યા કે તેને ભગવાનનું રૂપ આપી દીધું.આ એક પ્રકારે ભગવાનભાવ અને સર્વોપરિતાનું અતિક્રમણ છે.‘રામાયણ’ નાં કેટલાંક પાત્રોને અવતારી કહીને કે તેમને ભગવાન ગણીને તેમનાં મનુષ્યત્વના સત્વ-તત્વને અવગણી દેવામાં આવ્યું છે.જો આપણે ‘રામાયણ’ ને આદર્શ કાવ્ય કહેતા હોઈએ તો રામ-સીતા પર લૌકિક મુશ્કેલીઓ આવી જ ના શકે અને જો એવા પ્રકારની આપત્તિઓ આવે તો તેનો ઉકેલ ઝડપથી અને સરળતાથી નીકળી જાય.આને એ રીતે સ્વીકારવું ઘટે કે આ કાવ્ય એક મનુષ્ય કે દંપતીનાં જીવનનું આદર્શ જીવનવ્યવહારનું ચિત્ર છે.આદર્શ કુટુંબનું કાવ્ય છે, આદર્શ સંબંધોનો મર્મ સમજાવતું કાવ્ય છે, આ કાવ્ય આદર્શ રાજા, આદર્શ પત્ની, આદર્શ પતિ, આદર્શ ભ્રાતા, આદર્શ ભક્ત અને મિત્રને દર્શાવે છે.

‘રામાયણ’ એવી કુટુંબકથાનું ચિત્ર દર્શાવે છે કે જ્યાં સૌ હળીમળીને રહે છે. દશરથની એક કરતાં વધારે પત્ની અને તેમના સંતાનોમાં રામ, ભરત, લક્ષ્મણ અને શત્રુઘ્ન છે. ચારેય ભાઈઓ વચ્ચે સંપ, પ્રેમ, સુલેહ અને સોહાર્દતા છે. દશરથની પત્નીઓમાં પણ એવો જ સમભાવ છે. કુટુંબમાં રામ જ્યેષ્ઠ હોઈ એને સ્વાભાવિક રીતે જ રાજગાદી આપવાની તજવીજ ચાલે છે ત્યારે જ રામની અપાર મા અને રાજા દશરથની પ્રિય રાણી કૈકયી અનામત રાખેલા બે વરદાન માંગે છે કે પોતાના દીકરા ભરતને રાજસિંહાસન મળે અને રામને ચૌદ વર્ષનો વનવાસ.આ દશરથ માટે પ્રાણઘાતક નીવડે છે અને તેઓ મૃત્યુ પામે છે.આ પછી રામ વનવાસની તૈયારી કરે છે અને તેની સાથે સીતા અને લક્ષ્મણ પણ વનવાસ સ્વીકારે છે.પંચવટીમાં રહેલ રામને મળવા ભરત આવે છે અને ભરત રાજગાદીનો અસ્વીકાર કરે છે.છેવટે રાજસિંહાસન પર રામની પાદુકા મૂકી રાજ ચલાવવાનનું નક્કી કરે છે.વનવાસ દરમિયાન રામ અને લક્ષ્મણ ઘણા ઉપદ્રવી રાક્ષસોનો વધ કરે છે.શૂર્પણખાનો પ્રસંગ પણ આ સમયે જ બને છે.જેમાં રામ અને લક્ષ્મણ શૂર્પણખાના મોહજાળમાં ફસાતા નથી પણ લક્ષ્મણ તો સ્વભાવની આક્રમકતાને વશ હોઈ તેના નાક-કાન કાપી તેને દંડિત કરે છે.ખર-દૂષણની હત્યા, શૂર્પણખાનું અપમાન અને સીતાના રૂપ પર મોહિત થઈને રાવણ વૈમનસ્યથી સીતાનું હરણ કરે છે. ત્યારે જટાયુ રાવણનો રસ્તો રોકવાનો પ્રયાસ કરે છે તો રાવણ તેને પણ મરણાસન્ન આઘાત પહોંચાડે છે.સીતાના વિલાપ અને આજીજીઓની કોઈ જ અસર રાવણ પર પડતી નથી.રાવણ સીતાનું અપહરણ કરી તેની સાથે લગ્ન કરવાના ઇરાદાથી લંકા લઈ જાય છે અને તેને અશોકવાટિકામાં રાખે છે.સીતાની શોધખોળ દરમિયાન રામ અને લક્ષ્મણને હનુમાનનો ભેટો થાય છે અને તેમના થકી સુગ્રીવની પણ ભેટ થાય છે.સુગ્રીવ પોતાની આપત્તિ જણાવી ભાઈ વાલીની દુષ્ટતા જણાવે છે.રામ તેને મદદ કરવાનો નિર્ધાર કરે છે અને વાલી સુગ્રીવના દ્વંદ્વયુદ્ધ દરમિયાન તેઓ વાલીનો વધ કરે છે.આમ સુગ્રીવ રામને પણ સીતાશોધમાં મદદરૂપ થાય છે.લંકાની અશોકવાટિકામાં રહેલ સીતાની ભાળ હનુમાન લાવે છે અને વાનરસૈન્ય સેતુમાર્ગ બનાવી લંકાગમન કરે છે.આ પૂર્વે મંદોદરી પણ રાવણને સમજાવે છે કે સીતાને પરત કરી દેવામાં જ લંકાનું હિત છે પણ અહંકારને વશ રાવણ કોઈની પણ વાત સ્વીકારતો નથી.છેવટે રામ અને રાવણ વચ્ચે યુદ્ધ થાય છે તેમાં રાવણનો અહંકાર ભાંગે છે અને તે રામના હાથે મૃત્યુ પામે છે.રામની શરણમાં આવેલ વિભીષણને લંકાની રાજગાદી સોંપાય છે અને રામ પુષ્પક વિમાન દ્વારા અયોધ્યા આવે છે.રામનો ચૌદ વર્ષનો વનવાસ પણ પૂરો થયો હોય છે.એક દિવસ નગરનો ધોબી બહારગામ રહેલ પત્નીને સ્વીકારવાનો અસ્વીકાર કરે છે અને તેનો પડઘો નગરમાં પણ પડે છે.રામ પણ રાજધર્મના પાલન અર્થે ગર્ભવતી સીતાનો ત્યાગ કરે છે.એમાં નિમિત્ત લક્ષ્મણ બને છે.વનમાં વાલ્મીકિ આશ્રમમાં સીતા લવ અને કુશ એમ બે બાળકોને જન્મ આપે છે.રામના અશ્વમેધ યજ્ઞના ઘોડાને લવકુશ રોકે છે અને ભરત, લક્ષ્મણ, શત્રુઘ્ન અને રામસૈન્ય સાથે લવકુશનું યુદ્ધ થાય છે.તેમાં લવકુશ વિજેતા થાય છે.છેવટે રામ આવે છે ત્યારે સીતાના માધ્યમથી પિતા-પુત્રોની ઓળખ

થાય છે.રામ પત્ની સીતાનો સ્વીકાર કરે છે પણ તે અયોધ્યા જવાનો અસ્વીકાર કરે છે અને ધરતીમાં સમાઈ જાય છે.

આ કથાકાવ્યમાં એક મનુષ્યની આદર્શ જીવનયાત્રા છે.જ્યારે કોઈ મનુષ્ય આદર્શના પથ પર રહીને જીવવાનો પ્રયત્ન કરે છે અને પોતાના તરફ દુષ્ટતા દાખવનાર માટે પણ પ્રેમ અને સહાનુભૂતિ દર્શાવે છે ત્યારે તેનો માર્ગ સરળ હોતો જ નથી.તે પથ અતિશય આપત્તિજનક, દુ:ખભર્યો, અપમાનજનક, સંઘર્ષમય અને તિરસ્કારયુક્ત હોય છે.મનુષ્ય જ્યારે પણ આદર્શથી જીવવાનો પ્રયત્ન કરે ત્યારે તેના જીવનમાં મુશ્કેલીઓ ન આવે તો જ આશ્ચર્ય કહેવાય ? સંસારમાં, કુટુંબમાં, દાંપત્યજીવનમાં, પિતા, ભ્રાતા, માતા, પત્ની, રાજકીય વ્યવહાર અને અન્ય સામાજિક વ્યવહારોમાં વ્યક્તિએ હંમેશા સંઘર્ષરત જ રહેવું પડે છે.સાંસારિક જીવન એટલે જ સંઘર્ષની જીવનયાત્રા.સંસારમાં રહીને કોઈ આદર્શ સ્વીકારીને જીવવું અત્યંત કપરું છે.આમ છતાં સંસારમાં રહીને માણસે કોઈ આદર્શ ના સ્વીકારવો એમ કહેવાનો આશય નથી કેમ કે એ જ તો મનુષ્યજીવનની મોટી કસોટી છે.રામનું વ્યક્તિત્વ એવું છે કે તે સંસારમાં રહીને આદર્શ સ્વીકારી ચાલે છે.તેણે પિતાની જેમ અનેક પત્ની કરી નથી પણ તેને એક જ પત્ની છે.માતા કૌશલ્યાનો આદર તો કરે જ છે પણ એ સાથે અપર મા પ્રત્યે પણ એટલો જ આદર ને પ્રેમભાવ છે.જેને મિત્ર બનાવે છે તેની સાથે મિત્રતાનો અર્થ પણ નીભાવે છે.પોતાના તરફ પૂર્ણ સમર્પણભાવ ધરાવનાર હનુમાન અને વિભીષણ પ્રત્યે એટલા જ કુમાશપૂર્વક, સૌજન્યતા અને સૌહાર્દ દર્શાવે છે.રામ કાવ્યનું એક નિરહંકારી, પ્રેમાળ, પ્રસન્ન, પત્નીને સમર્પિત, રાજ્ય-પ્રજા-ન્યાયને ધારણ કરનાર અને અંગત સુખને જાકારો દેનાર અને પોતાનું દુષ્ટ કરનાર પ્રત્યે પણ સમભાવ દર્શાવનાર રામ કોઈના પણ જીવનને પ્રભાવિત કરી શકે તેમ છે.મનુષ્ય જ્યારે કોઈ આદર્શ સ્વીકારીને જીવે છે ત્યારે એણે ઘણું બધું જતું કરવું પડે છે.રામ અતિ પ્રિય એવી પત્નીનો ત્યાગ કરે છે અને રામ પિતાના વચન ખાતર અને અપર માની જીદને પૂર્ણ કરવા રાજસિંહાસનનો પણ અસ્વીકાર કરે છે.રામ એ પણ સમજી શકે છે કે કોઈપણ મા પોતાના પુત્રનું સારું થાય કે પુત્રને રાજગાદી મળે તેમ જ ઈચ્છતી હોય છે અને કૈકયીએ પણ પોતાના દીકરા ભરત માટે તેમ ઈચ્છયું તેમાં કોઈ પાપ ન હોઈ શકે.રામમાં આ સમજણ છે એટલે તે માતા કૈકયીની મનસા ને વૈચારિકતાને સમજી શકે છે.મનુષ્ય સ્વભાવની આ નિર્બળતા અને સ્વાર્થવૃત્તિને રામ સારી રીતે સમજતા હોઈ તેઓ કૈકયી પ્રત્યે પણ એટલો જ સમભાવ ધરાવે છે.રામનું ચરિત્ર દર્શાવે છે કે જીવનમાં કોઈ આદર્શ સ્વીકારી ચાલવું દુષ્કર જ નહીં પણ અતિ દુષ્કર છે.

મનુષ્યજીવનના બે ધ્રુવ છે એક આદર્શ અને બીજો વાસ્તવ.સામાન્યત: આદર્શ વ્યક્તિને કેવી રીતે જીવવું, રહેવું, વર્તવું અને વિચારવું તેની એક જીવનમુદ્રા આપે છે.વ્યક્તિ જીવનમાં આ રીતે રહેશે કે જીવશે તે નક્કી કરે છે.આ વ્યક્તિએ સ્વીકારેલો માર્ગ છે.રામનો જીવનમાર્ગ એ પ્રકારનો છે અને તે પથ પર તેને અનેક

મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.પરંતુ અહીં પ્રશ્ન એ થાય છે કે શું વ્યક્તિ જીવનમાં આ પ્રકારનો આદર્શ સ્વીકારીને જીવી શકે છે કે પછી તે આ પ્રકારે જીવવાનો માત્ર દંભ જ કરે છે.વાલ્મિકીએ તો એક એવા પાત્ર અને કુટુંબનું ચિત્ર પ્રસ્તુત કર્યું છે જે ભારતીય સમાજને હંમેશા પ્રેરણા આપતું રહ્યું છે.જો જીવનમાં રામ જેવો આદર્શ જીવનવ્યવહાર સ્વીકારીને જીવવાનો પ્રયત્ન કરીએ ત્યારે અનેક આપત્તિઓનો સામનો કરવાની, જીરવવાની અને તેમ છતાં પ્રસન્ન તથા પ્રેમથી રહેવાની હિંમત પણ ધારણ કરવાની રહે છે.જીવનમાં ક્ષમા, સહાનુભૂતિ અને પ્રેમનો આદર્શ સ્વીકારીએ ત્યારે જીવન આપણને વાસ્તવિકતા સાથે અચૂક પરિચય કરાવશે.જીવનમાં ક્રોધિત થવું સાવ સરળ છે પણ પ્રેમ દાખવવો અતિ કઠિન છે અને રામ એ જ કઠિન કાર્ય કરે છે.હોઠે આવેલ કોળિયો કોઈ છીનવી લે તો સ્વાભાવિકપણે ક્રોધ જ ઉપજે પ્રેમ કદાપિ નહીં.પરંતુ રામ પ્રેમ, આદર, સમભાવ અને પ્રસન્નતા કે શાંતિ દર્શાવે છે.રાજસિંહાસનનો ત્યાગ કરી વનવાસ સ્વીકારે છે એટલું જ નહીં ભરત રાજગાદીનો સ્વીકાર કરે છે ત્યારે પણ તે માતા-પિતાની આજ્ઞાને શિરોધાર્ય માને છે.આ જીવનનો આદર્શ છે અથવા આપેલું વચન નહીં તોડવાનો દૃઢ નિર્ધાર છે.સાંસારિક મનુષ્ય માટે આ અતિકઠિન છે.મોહ પામવું એ કોઈપણ માણસનું લક્ષણ છે અથવા તે મનુષ્ય સ્વભાવની નિર્બળતા છે પરંતુ રામના ચરિત્રમાં ક્યાંય પણ મોહ અને સ્વભાવની દુર્બળતા નથી.જીવનમાં જે સ્વીકાર્યું છે તેને સ્વીકારીને ચાલવું.આથી એમ પણ કહી શકાય કે ‘રામાયણ’ એ મનુષ્ય ઘડતરનું કાવ્ય પણ છે.તે ભારતીય મનુષ્યની ચેતનામાં રોપાયેલું અને સમયે સમયે મનુષ્યની સંવેદનાને આંદોલિત કરતી કથા છે.

મનુષ્યનું જીવન કેવું હોવું જોઈએ ? આદર્શી કે વાસ્તવપૂર્ણ ? સામાન્યતઃ આપણે આદર્શની ઝંખના કરતાં હોઈએ અને કરવી પણ જોઈએ પરંતુ આદર્શનો માર્ગ દુષ્કર છે જ્યારે વાસ્તવને સાથે રાખીને જીવવાથી દુ:ખને સહન કરવું પડે છે.એનો અર્થ એમ પણ નથી કે આદર્શ અને વાસ્તવને કોરાણે મૂકી દેવા જોઈએ.જીવનમાં બન્નેનું મહત્વ છે અને બન્નેનો સ્વીકાર જ જીવનની ગતિને સુદ્રઢ બનાવે છે.એમ પણ કહી શકાય કે આદર્શ પરોક્ષ છે જ્યારે વાસ્તવ પ્રત્યક્ષ છે.મનુષ્યજીવન પરોક્ષ અને પ્રત્યક્ષની છાયા જ તો છે.રામનો આદર્શ એ છે કે માતા-પિતાની આજ્ઞા પાળવી એ પોતાનો ધર્મ છે પછી એ પોતાને માટે કઠિન હોય કે ન હોય.બીજું, એકવાર કોઈને વચન આપ્યું હોય તે તોડવું નહીં એ પણ રામની જીવન પ્રત્યેની એક ખાસ વાત છે.પતિને સદા અનુસરવું એ સીતાનો ધર્મ છે.સીતા એ રામની પત્ની છે એટલે તેણે પતિની દરેક વાત માની છે અને માનવી પણ જોઈએ કેમ કે એ રામ છે, ધર્મશીલ પુરુષ છે, મર્યાદા પુરુષોત્તમ છે અને પત્નીને સમર્પિત છે.એથી જ સીતાને પતિ પર પૂર્ણ ભરોસો છે અને એ ભરોસાના સહારે જ તે રામની પ્રતીક્ષા કરે છે.આ બન્નેનો પરસ્પરનો સંવાદ છે.એમના જીવનનું ધારકબળ પણ છે.ભરતનો આદર્શ એ છે કે જ્યેષ્ઠ ભ્રાતા હોઈ રાજસિંહાસન પર બેસવાનો પોતાનો અધિકાર નથી એટલે જ તો એ જ્યેષ્ઠની પાદુકા રાજસિંહાસન પર

મૂકીને અવેજીમાં રાજ્યધુરા સંભાળે છે.લક્ષ્મણનો આદર્શ એ છે કે જ્યેષ્ઠને અનુસરવું અને અહર્નિશ તેમની સેવામાં રહેવું.આ જ્યેષ્ઠની સત્તા સ્વીકારવાનો ક્રમ નથી પણ જ્યેષ્ઠ પ્રત્યેનો આદર છે.આ જીવનનો આદર્શ બની શકે તેમ કુટુંબનો પણ આદર્શ થઈ શકે.પરંતુ એ જ ઘરમાં મંથરા જેવું વાસ્તવ પણ રહ્યું છે તે અવગણી શકાય તેમ નથી.એક સ્ત્રીમાં આ જ વાસ્તવ સંકુચિતતા, સ્વાર્થ, ઈર્ષ્યા અને કપટ રોપે છે તેનો સ્વીકાર કરવો જરૂરી છે.એટલે જ સ્વાર્થવશ કૈકયીની માંગણી કેવળ ને કેવળ નિજ પુત્ર માટેની જ રહે છે.ત્યાંથી રામ પર આપત્તિઓનો ધસારો થાય છે.ખરેખર તો આદર્શની સાથે સાથે વાસ્તવ પણ હોય જ છે પરંતુ એ મનુષ્ય પર નિર્ભર છે કે તેણે કોને આગળ કરવાનું છે.આ જ કૈકયીને રામ પ્રત્યે પણ એટલો જ પ્રેમ હોય છે જેટલો ભરત પ્રત્યે છે.પરંતુ જ્યાં સ્વાર્થ આવે છે ત્યાં પારકાને પારકો જ બનાવી દેવાય છે જે કૈકયી કરે છે અને તે જ મનુષ્ય સહજ નિર્બળતા છે.સ્વાર્થને ત્યજીને જે પરમાર્થનું કાર્ય કરે તે ભગવાન અને તે રામ.કૈકયી એ કરી શકતી નથી પણ રામ તે કરે છે.એટલે કે તે જીવનના આદર્શને ચરિતાર્થ કરે છે.જો તે સ્વાર્થથી પ્રેરિત હોત કે રાજસિંહાસન માટે મોહિત હોત તો તેણે ચૌદ વર્ષના વનવાસ સ્વીકાર્યો જ ન હોત. ઉર્મિલાએ પણ પતિ સામે કોઈ ફરિયાદ કરી નથી.સીતા અને ઊર્મિલા ‘રામાયણ’ ના બે એવા સ્ત્રી ચરિત્રો છે જે કેવળ પતિના પગલે ચાલનારા છે.પતિમાં જ સ્વને અને નિજને પૂર્ણ માને છે.સામે પક્ષે રામ અને લક્ષ્મણનું પાત્ર પણ એ પ્રકારનું છે.ટૂંકમાં, ‘રામાયણ’ એ દર્શાવે છે કે મનુષ્યનું જીવન રામસદ્દશ અને સીતાના સ્વીકારભાવથી પરિપ્લાવિત હોવું ઘટે.કુટુંબમાં સંપ જ મહત્વનો છે, પરસ્પરનો પ્રેમભાવ જ અને સમર્પણ અગત્યનો છે.વાલ્મીકિનું આ કુટુંબચિત્ર અને રામ-સીતાનો આદર્શ ભારતીય સમાજ જ નહીં પણ સમસ્ત માનવજાત માટે પ્રેરણાસ્પદ છે.

આમ, ‘રામાયણ’ મનુષ્યજીવનને એક આદર્શ બતાવે છે.જે મનુષ્ય માટે દુષ્કર તો છે પણ અશક્ય નથી.આવો જીવનનો આદર્શ ન ધરી શકાય તેમ નથી પણ એને ધારણ કરવો એટલે જીવનને આપત્તિઓથી ભરી દેવું. નિતાંત આદર્શ સંઘર્ષ, મુશ્કેલી અને દુ:ખ લાવે છે પણ જેણે જીવનમાં આ પ્રકારના આદર્શને આત્મસાત કર્યો હોય તેનું ભીતર શાંત અને નિર્મળ તથા બાહ્ય ક્લેશોથી સર્વથા દૂર રહે છે.સંસારમાં આપણે રામની જેમ બની શકીએ તો જ પત્નીને પણ સીતા બનાવવાનો આગ્રહ રાખવો નહિતર જેમ જીવતા હોઈએ તેમ જીવવું એ જ સાચું જીવન છે.દંભપૂર્ણ જીવન એ મનુષ્યની એક પ્રકારની આત્મવંચના છે.આપણે ‘રામાયણ’ને સ્વીકારીએ છીએ પણ રામ-સીતા, લક્ષ્મણ, ભરતના જીવાનાદર્શને સ્વીકારતા નથી ત્યારે રામના વંશજ નથી કે ‘રામાયણ’ ના અધિકારી નથી એમ કહેવાની ઇચ્છા થાય છે.

**<u>સંદર્ભ ગ્રંથ સૂચિ:-</u>**

- શ્રી વાલ્મીકિ રામાયણ, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ઠે.ભદ્ર પાસે અમદાવાદઅને પ્રિન્સેસ સ્ટ્રીટ-૨
- વિશ્વામિત્ર, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ઠે.ભદ્ર પાસે અમદાવાદઅને પ્રિન્સેસ સ્ટ્રીટ-૪
- શ્રીયોગવાશિષ્ઠ મહારામાયણ,સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ઠે.ભદ્ર પાસે અમદાવાદઅને પ્રિન્સેસ સ્ટ્રીટ-૨
- રામચરિતમાનસ, પ્ર. ગીતા પ્રેસ, ગોરખપુર-૨૭૩૦૦૫
- પંચતંત્ર, ગુજરાતી સાહિત્ય પરિષદ,ગોવર્ધન ભવન, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯
- મનુસ્મૃતિ, પ્ર.બાબુભાઇ શાહ- પાર્શ્વ પ્રકાશન, નિશા પોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ અમદાવાદ- ૩૮૦૦૦૧
- રઘુવંશમ, પ્ર.અશ્વિન બી. શાહ સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના, રતનપોળ,અમદાવાદ-૩૮૦૦૦૧
- ઉત્તર રામચરિતમ, પ્ર.અશ્વિન બી. શાહ સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના, રતનપોળ,અમદાવાદ-૩૮૦૦૦૧
- મહાવીર ચરિતમ, પ્ર.અશ્વિન બી. શાહ સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના, રતનપોળ,અમદાવાદ-૩૮૦૦૦૧
- અભિષેક નાટક્મ, પ્ર.બાબુભાઇ શાહ- પાર્શ્વ પ્રકાશન, નિશા પોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ અમદાવાદ-૩૮૦૦૦૧
- પ્રતિમા નાટકમ, , પ્ર.અશ્વિન બી. શાહ સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના, રતનપોળ,અમદાવાદ-૩૮૦૦૦૧
- સ્વપ્નવસાવદત્તમ, પ્ર.બાબુભાઇ શાહ- પાર્શ્વ પ્રકાશન, નિશા પોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ અમદાવાદ-૩૮૦૦૦૧
- હિતોપદેશ, પ્ર.બાબુભાઇ શાહ- પાર્શ્વ પ્રકાશન, નિશા પોળ, ઝવેરીવાડ, રિલીફ રોડ અમદાવાદ- ૩૮૦૦૦૧
- મહાબલી હનુમાન,પ્રવીણ પુસ્તક ભંડાર,લાભ ચેમ્બર્સ,મ્યુ.કૉ.સામે રાજકોટ.
- શ્રીમદ ભાગવત ગીતા, પ્ર.અશ્વિન બી. શાહ સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના, રતનપોળ,અમદાવાદ-૩૮૦૦૦૧
- સંસ્કૃત નાટકોનો પરિચય, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ -૬
- મહાભારત કાલીન નારી, પ્ર.ઈસ્ટર્ન બુક લિંકર્ષ, ૫૮૨૫, ન્યુ ચંદ્રાવાલ,જવાહરનગર, દિલ્લી -૧૧૦૦૦૭
- વૈદિક વિચારસાગર, પ્ર.આર્ય સમાજ, ત્રણ હાટડી ટંકારા, મોરબી.
- કાવ્યપ્રકાશ, પ્ર.અશ્વિન બી. શાહ સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના, રતનપોળ,અમદાવાદ-૩૮૦૦૦૧